www.MARUGUJARAT.in



# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ,
# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
### બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

## જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (વર્ગ-૩) સીધી ભરતી અંગેની જાહેરાત વર્ષ:૨૦૧૨-૧૩

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ દ્વારા મળેલ માંગણીપત્રક મુજબ જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં અંદાજે ૨૫૦૦ જગ્યાઓ નીચે જણાવેલ વિગતે મેરીટના ધોરણે ભરવા મેરીટ યાદી તૈયાર કરવા માટે નીચે ઉલ્લેખ કરેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ ઓન-લાઈન મંગાવવામાં આવે છે. ઉમેદવારે અરજી તા.૨૨/૦૩/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૨ દરમ્યાન આ કચેરીની વેબ સાઈટ www.vidyasahayakgujarat.org તથા www.ptcgujarat.org ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓન-લાઈન કરવાની રહેશે.

**ભરવાપાત્ર જગ્યાના સંદર્ભે અનામતની ટકાવારી મુજબ જાતિવાર ભરવાની થતી જગ્યાઓ:**

| શિક્ષણ સમિતિ | મુખ્ય શિક્ષકની ભરવાપાત્ર જગ્યાઓ | બિન અનામત (OP) | અનુ. જાતિ (SC) | અનુ. જનજાતિ (ST) | સા.શૈ.પ. વર્ગ (SEBC) | કુલ ભરવાપાત્ર જગ્યાઓ પૈકી 3% લેખે વિકલાંગ માટે અનામત (PH) |
|---|---|---|---|---|---|---|
| જિલ્લા શિક્ષણ સમિતિ | ૨૩૦૮ | ૧૩૫૭ | ૧૫૫ | ૨૨૭ | ૫૬૯ | ૭૦ |
| નગર શિક્ષણ સમિતિ | ૧૯૨ | ૧૧૯ | ૮ | ૧૯ | ૪૬ | ૫ |
| કુલ | ૨૫૦૦ | ૧૪૭૬ | ૧૬૩ | ૨૪૬ | ૬૧૫ | ૭૫ |

- **જિલ્લા શિક્ષણ સમિતિ તથા નગર શિક્ષણ સમિતિની ભરવાપાત્ર જગ્યાઓની વિગત ઉપરોક્ત વેબસાઈટ પર ઉપલબ્ધ છે.**
- અનુ.જાતિ, અનુ.જન જાતિ અને સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે સરકારશ્રીએ જે તે જિલ્લા માટે નિયત કરેલ ટકાવારી મુજબની જગ્યાઓ સરકારશ્રીની પ્રવર્તમાન અનામત નીતિ મુજબ ભરવામાં આવશે. શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારો માટે સામાન્ય વહિવટ વિભાગના તા.૧૯/૨/૨૦૦૦ના ઠરાવ, તા.૧૫/૨/૨૦૦૧ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦૨૦૦૦-જીઓઆઈ-૭-ગ-૨, તા.૧૫/૧૨/૨૦૦૧ના પરિપત્ર તથા તા.૪/૫/૨૦૦૨ ના ઠરાવની જોગવાઈ મુજબ ભરવામાં આવશે.
- મહિલા ઉમેદવારો માટે સરકારશ્રીના વખતો વખતના ઠરાવ અને પરિપત્રો મુજબ ૩૦ ટકા જગ્યાઓ અનામત રહેશે. જે સરકારશ્રીના વખતોવખતના ઠરાવ અને પરિપત્રો મુજબ ભરવામાં આવશે.
- કુલ ભરવાપાત્ર જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત છે. માજી સૈનિકની જગ્યા જે તે કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે. જો માજી સૈનિક કેટેગરીમાં લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના ઉમેદવારોથી ભરવામાં આવશે.

**<u>શૈક્ષણિક લાયકાત:</u>** મુખ્ય શિક્ષક(હેડ ટીચર) માટે શિક્ષણ વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૨ના નોટીફીકેશન મુજબ શૈક્ષણિક/તાલીમી લાયકાત નીચે મુજબ છે.

(ક) શૈક્ષણિક લાયકાતઃ સ્નાતક

(ખ) તાલીમી લાયકાતઃ પીટીસી(બે વર્ષ)/બી.એડ્.(એક વર્ષીય)

<u>*અથવા*</u> ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજ્યુકેશન(B.El.Ed.)

<u>*અથવા*</u> ચાર વર્ષીય બી.એ./બી.એસ.સી. એજ્યુકેશન <u>*અથવા*</u> એક વર્ષીય બી.એડ્.(સ્પેશીયલ એજ્યુકેશન)

(ગ) ઓછામાં ઓછો પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ અલગ-અલગ અથવા સળંગ હોવો જોઈએ. અનુભવ બાબતે શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃપીઆરઈ/૧૧૧૧/સીંગલ ફાઈલ-૩/ક, તા.૨૯/૨/૨૦૧૨ ની જોગવાઈ મુજબ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અને ₹ ૫૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું રજુ કરવાનું રહેશે.

(ઘ) પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક(હેડ ટીચર) માટે અભિયોગ્યતા કસોટી-HTAT-૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈએ.

ઉપર્યુક્ત (ક) અને (ખ) ની લાયકાત ધરાવતા ઉમેદવાર (૧) પી.ટી.સી.ની લાયકાત ધરાવતા ઉમેદવારોએ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલી પી.ટી.સી.ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ. (૨) ઉમેદવારે પી.ટી.સી. અને બી.એડ્.ની પરીક્ષા નેશનલ કાઉન્સીલ ફૉર ટીચર એજ્યુકેશન(NCTE) દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈશે. અને સ્નાતક અને અનુ-સ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. દ્વારા માન્ય કરેલ યુનિવર્સિટીમાંથી મેળવેલ હોવી જોઈએ.

**<u>પગાર ધોરણ:</u>** મુખ્ય શિક્ષક (હેડ ટીચર)ને પગાર ધોરણ ₹ ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ₹ ૪૨૦૦/- અથવા સરકાર દ્વારા જે તે જગ્યા માટે વખતો વખત નિયત કરેલ મળવાપાત્ર પગાર ધોરણમાં નિમણૂક મેળવવાને પાત્ર ઠરશે.

**<u>વયમર્યાદા:</u>** તા.૩૧/૦૩/૨૦૧૨ના રોજ ઉમેદવારની ઉંમર ૩૫ વર્ષ કરતાં વધુ હોવી જોઈએ નહીં.

**<u>વયમર્યાદામાં છુટછાટ:</u>**

- મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જન જાતિ, સા.શૈ.પછાત ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં ૫(પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- સામાન્ય વહિવટ વિભાગના તા.૨૨/૫/૯૭ના ઠરાવની જોગવાઈ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫(પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- ૪૦ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૧૦(દસ) વર્ષની વધારાની છુટછાટ મળશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભૂમિ આર્મ ફોર્સીસમાં ઓછામાં ઓછા ૬(છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખપત્ર/પ્રમાણપત્ર ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વય મર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ૩(ત્રણ) વર્ષ સુધીની છુટછાટ મળશે.
- ગુજરાત સિવિલ સર્વીસ ક્લાસીફીકેશન એન્ડ રિક્રુટમેન્ટ(જનરલ) રુલ્સ-૧૯૬૭ મુજબ તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર કોઈ પણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈએ નહીં.

www.MARUGUJARAT.in

**સામાન્ય સૂચનાઓ:**

(૧) અરજી ફોર્મ સાથે શૈક્ષણિક લાયકાતના જરુરી તમામ ગુણપત્રકો/પ્રમાણપત્રોની એક પ્રમાણિત નકલ તથા અન્ય જરુરી પ્રમાણપત્રોની એક પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે. વધુમાં, સ્વીકાર કેન્દ્ર ઉપર અરજી જમા કરાવતી વખતે જેની પ્રમાણિત નકલો અરજી સાથે રજુ કરી છે તેના અસલ પ્રમાણપત્રો ખરાઈ કરવા માટે ફરજીયાતપણે રજુ કરવાના રહેશે. અન્યથા અરજી સ્વીકારવામાં આવશે નહીં. જે પરીક્ષા એક કરતા વધુ પ્રયત્ને પાસ કરેલ હોય તો તમામ પ્રયત્નોના ગુણપત્રકની પ્રમાણિત નકલો અવશ્ય સામેલ રાખવાની રહેશે. અનુસ્નાતકના કિસ્સામાં ઉમેદવારોએ અનુસ્નાતકની પરીક્ષા પાસ કર્યાની માર્કશીટની પ્રમાણિત નકલ અવશ્ય સામેલ કરવી. એક કરતાં વધુ સ્નાતક/અનુ સ્નાતકની લાયકાત ધરાવતા ઉમેદવારે અરજીપત્રકમાં પોતે ઈચ્છે તે એક જ લાયકાત દર્શાવવાની રહેશે અને તે લાયકાતના આધારે જ ગુણ ગણતરીમાં લેવામાં આવશે. પીટીસી/બી.એડ્.ની લાયકાત ધરાવતા ઉમેદવારે પોતે ઇચ્છે તે એક જ લાયકાત દર્શાવવાની રહેશે.

(૨) શૈક્ષણિક લાયકાત, વય-મર્યાદા તથા અન્ય પ્રમાણપત્રો માટે તા.૩૧/૦૩/૨૦૧૨ (CUT-OFF DATE) ધ્યાને લેવાશે. આ CUT-OFF DATE બાદ મેળવેલ કોઈપણ પ્રમાણપત્રો, શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવામાં આવશે નહીં.

(૩) જે ઉમેદવારે સ્નાતક-પીટીસી/બી.એડ્.ની લાયકાત જે સંસ્થામાંથી મેળવેલી હોય તેમણે જે તે તમામ સંસ્થાના પરીક્ષા પાસ કર્યાના પ્રયત્ન અંગેના દાખલા અવશ્ય સામેલ કરવાના રહેશે.

(૪) અનુ.જાતિ, અનુ.જન જાતિ, સા.શૈ.પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સામેલ કરવી.

(૫) સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તેઓનો "ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી" તે મતલબનું તા.૩૧/૩/૨૦૧૧ના રોજ પુરા થતાં નાણાંકીય વર્ષ: ૨૦૧૦-૧૧નું તા.૧/૪/૨૦૧૧ થી તા.૩૧/૩/૨૦૧૨ દરમ્યાન સક્ષમ અધિકારીનું નિયત નમુનામાં મેળવેલ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે. પાછળથી રજુ કરેલ પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૬) વિકલાંગ ઉમેદવારોએ અપંગતા અંગેના સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. શારિરીક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો સ્વતંત્ર રીતે વર્ગ શિક્ષણ કાર્ય કરી શકવા સક્ષમ હોવા જોઈએ.

(૭) માજી સૈનિક ઉમેદવારોએ માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૮) ઉમેદવારે જે સંસ્થામાંથી પી.ટી.સી./બી.એડ્.ની તાલીમ મેળવી હોય તે સંસ્થાને એન.સી.ટી.ઈ., ભોપાલની માન્યતા મળેલ છે તે મતલબનું પ્રમાણપત્ર(માન્યતા નંબર, તારીખ સહિત) ઉમેદવારે સંબંધિત સંસ્થા પાસેથી મેળવીને રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર રજુ ન કરનાર ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે.

(૯) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: સીઆરઆર-૧૦૯૬-૨૨૧૩-ગ.૨, તા.૨૨/૫/૯૭ના પરિપત્રમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૮/૨૦૦૪ના પરિપત્ર અન્વયે ફકરા(૨)ના મુદ્દા ક્રમાંક:૮ ની જોગવાઈ મુજબ વિધવા ઉમેદવારને મેરીટમાં છુટછાટ આપવામાં આવશે. આ અંગે વિધવા અંગેનું મામલતદારશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અને જિલ્લા પસંદગી તેમજ નિમણૂક વખતે પુનઃલગ્ન કરેલ નથી તે મતલબનું સક્ષમ અધિકારી સમક્ષ કરેલ સોગંદનામું રજુ કરવાનું રહેશે.

(૧૦) બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી ૨૦૦/-(અંકે રુપિયા બસ્સો પુરા) તથા અનુ.જાતિ, અનુ.જન જાતિ તથા સા.શૈ.પછાત વર્ગના ઉમેદવારો માટે અરજી ફી ૧૦૦/-(અંકે રુપિયા એકસો પુરા) રહેશે. જે ઉમેદવારે સ્વીકાર કેન્દ્ર ઉપર રોકડેથી ભરવાની રહેશે.

(૧૧) વેબ સાઈટ પરથી પ્રિન્ટ કરેલ અરજી, પ્રમાણિત નકલો સાથે નિયત કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરુરી ફી ભરી જમા કરાવી, પહોંચ અચુક મેળવી લેવાની રહેશે. જે પહોંચ પસંદગી સમયે રજુ કરવાની રહેશે.

(૧૨) મુખ્ય શિક્ષક(હેડ ટીચર) ભરતી સંબંધી તમામ સુચનાઓ/વિગતો વખતો વખત વેબસાઈટ પરથી જોવા મળી શકશે.

(૧૩) પસંદગી યાદી તૈયાર કરવાની ગુણાંકન પધ્ધતિ માટે શિક્ષણ વિભાગનું તા.૧૮/૦૧/૨૦૧૨નું જાહેરનામું તથા અનુભવ માટે તા.૨૯/૦૨/૨૦૧૨નો ઠરાવ આ જ વેબસાઈટ ઉપર જોવા મળશે.

**અરજી પત્રક ઓન-લાઈન ભરવા માટેની સૂચનાઓ:**

(૧) મુખ્ય શિક્ષક(હેડ ટીચર) અંગેનું ઓન-લાઈન અરજી પત્રક વેબસાઈટ www.vidyasahayakgujarat.org તથા www.ptcgujarat.org ઉપર ઓન-લાઈન તા.૨૨/૦૩/૨૦૧૨ સવારના ૧૦:૦૦ કલાકથી ***તા.૩૧/૦૩/૨૦૧૨ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક*** સુધી ભરી શકાશે. ઓન-લાઈન અરજી ફોર્મ કોઈપણ કમ્પ્યૂટર કે જેની સાથે ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપરથી ભરી શકાશે.

(૨) HTAT પરીક્ષાનો તમારો સીટ નંબર ટાઈપ કરો પછી CONTINUE બટન ઉપર ક્લીક કરો જેથી તમારું HTAT Result દેખાશે. ત્યાર બાદ CONTINUE બટન પર ક્લીક કરતાં અરજી પત્રક ખુલશે.

(૩) અરજી પત્રક ભરતાં પહેલા વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.

(૪) સ્વીકાર કેન્દ્રોની યાદી વેબસાઈટ www.vidyasahayakgujarat.org ઉપર મુકવામાં આવેલ છે. ઓન-લાઈન અરજી પત્રકની વિગતો કોલમ મુજબ ક્રમશઃ ભરી Submit કરી સંપૂર્ણ વિગતો સાથેનું ફોર્મ PRINT કરી લેવું.

(૫) અરજી પત્રકમાં નિયત જગ્યાએ અરજદારે સહી કરવી. આ અરજી પત્રક રાજ્યના નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરુરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી, નિયત કરેલ ફી ભરી, સહી કરેલી પહોંચ જરુરથી મેળવવી, અને સ્વીકાર કેન્દ્ર મારફત અરજી પત્રક Final Submit કરાવવું. Final Submit થયા સિવાયનું કોઈપણ અરજી પત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૬) અરજીપત્રક Final Submit કર્યા બાદ સ્વીકાર કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ પહોંચ સાચવવી, અને પસંદગી સમયે અચુક સાથે લાવવી.

**(૭) અરજી પત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર તા.૨૨/૦૩/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૨ સુધી રુબરુમાં (રવિવાર સિવાય) સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.**

(૮) ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં, અને તે રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજીપત્રકો મોકલવા નહીં.

(૯) પ્રિન્ટ કરેલા ફોર્મમાં કોઈપણ જાતના સુધારા-વધારા કે છેકછાક કરેલા ફોર્મનો સ્વીકાર કરાશે નહીં. કોઈ ખોટી માહિતી ભરાઈ ગઈ હોય તો પ્રિન્ટેડ ફોર્મમાં સુધારા-વધારા કે છેકછાક કરવાને બદલે નવેસરથી નવું ફોર્મ ભરવું અને તેને Submit કરી ફોર્મની PRINT લેવી.

**આર.સી.રાવલ**
અધ્યક્ષ,
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ
અને પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

તા.૨૨/૦૩/૨૦૧૨
સ્થળ: ગાંધીનગર

જા.ક્ર.૦૧/૨૦૧૨.

HTB/2012/PaM/Advt.01-2

www.MARUGUJARAT.in

# **Age limit**

| | General | | Reserved | |
|---|---|---|---|---|
| | Male | Female | Male | Female |
| Normal | 35 | 40 | 40 | 45 |
| PH | 45 | 45 | 45 | 45 |
| Vidhwa | --- | 45 | --- | 45 |

As on 31-March-2012

www.MARUGUJARAT.in

## સાથે જોડવાના આધારો

1. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/જન્મનું પ્રમાણપત્ર
2. સ્નાતકની માર્કશીટ
3. સ્નાતક નું ટ્રાયલ સર્ટિફિકેટ
4. PTC નું પ્રમાણપત્ર
5. PTC નું ટ્રાયલ સર્ટિફિકેટ
6. Degree in Special Education/Degree in Education નું પ્રમાણપત્ર
7. Degree in Special Education/Degree in Education નું ટ્રાયલ સર્ટિફિકેટ
8. જાતી અંગેનું પ્રમાણપત્ર
9. ઉન્નતવર્ગમાં સમાવેશ થતો નથી તે અંગેનું પ્રમાણપત્ર (તા. ૧-૪-૨૦૧૧ કે તે પછીની તારીખ વાળું)
10. અનુભવનું પ્રમાણપત્ર
11. HTAT પ્રમાણપત્ર
12. અનુસ્નાતક ની માર્કશીટ
13. અનુસ્નાતક નું ટ્રાયલ સર્ટિફિકેટ

www.MARUGUJARAT.in

# મુખ્ય શિક્ષક ભરતી-2012
## રીસીવીંગ સેન્ટરની યાદી

| અ.નં. | જિલ્લાનું નામ | રીસીવીંગ સેન્ટરનું સ્થળ | સરનામું | રીસીવીંગ સેન્ટરનો ફોન નંબર |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| 1 | અમદાવાદ | શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ | ખમાસા ચાર રસ્તા પાસે, રાયખડ, અમદાવાદ -1 | 079-25381096 |
| 2 | વડોદરા | જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત વડોદરા | 7મે માળ, શિક્ષણ શાખા, જિલ્લા પંચાયત, વડોદરા. | 0265-2436411 |
| 3 | રાજકોટ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ | ત્રિકોણ બાગ પાસે, જવાહર રોડ, રાજકોટ. | 0281-2444437 |
| 4 | સુરત | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત | જે.જે.સોરાબજી ટ્રેનીંગ સેન્ટર, ચોક બજાર, સુરત. | 9909209493<br>9601184190 |
| 5 | ખેડા | બી.આર.સી.ભવન, ડભાણ | ડભાણ, તા.નડીઆદ. | 0268-2581370 |
| 6 | આણંદ | જિલ્લા શિક્ષણ સમિતિ, શિક્ષણ શાખા, | જિલ્લા પંચાયત કચેરી, તા.જિ.આણંદ | 02692-258105 |
| 7 | પંચમહાલ | જિલ્લા પંચાયત કચેરી, શિક્ષણ સમિતિ, પંચમહાલ, ગોધરા. | જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત કચેરી, પંચમહાલ, ગોધરા. | 02672-253375 / 76 |
| 8 | દાહોદ | બી.આર.સી.ભવન, દાહોદ | ભીલ સેન્ટ્રલ સ્કુલ, મુવાલીયા, તા.જિ.દાહોદ. | 02673-222188 |
| 9 | સાબરકાંઠા | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સા.કાં. | જિલ્લા શિક્ષણ સમિતિ, સા.કા., જિલ્લા પંચાયત હિંમતનગર. | 02772-240694 |
| 10 | જૂનાગઢ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જૂનાગઢ | ગીતા લોજ સામે, રેલ્વે સ્ટેશન પાસે, જૂનાગઢ. | 0285-2651280 |
| 11 | પોરબંદર | સર્વ શિક્ષા અભિયાન મિશન કચેરી, પોરબંદર | જિલ્લા પંચાયત કચેરીના ગ્રાઉન્ડમાં, એસ.ટી.ડેપો પાસે, પોરબંદર. | 0286-2251630 |
| 12 | મહેસાણા | જિલ્લા શિક્ષણ સમિતિની કચેરી, મહેસાણા | એસ.ટી.સ્ટેન્ડ સામે, મહેસાણા. | 02762-221531<br>02762-222320 |
| 13 | પાટણ | તારાબેન કન્યા પ્રા.શાળા, બગવાડા દરવાજા, પાટણ. | બગવાડા દરવાજા, બસ સ્ટેશનની પાછળ, પાટણ. | 02766-220508 |
| 14 | ભાવનગર | સર્વ શિક્ષા અભિયાન મિશન, ભાવનગર. | સર્વ શિક્ષા અભિયાન મિશનની કચેરી, ધનેશ મહેતા હાઈસ્કુલ(એ.વી.સ્કુલ) બીલ્ડીંગ, ક્રેસન્ટ સર્કલ, ભાવનગર. | 0278-2430855 |
| 15 | જામનગર | જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, જામનગર. | શિક્ષણ શાખા, 4થો માળ, જિલ્લા પંચાયત, જામનગર. | 0288-2550221<br>એક્સ.324 |
| 16 | અમરેલી | જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિની કચેરી, અમરેલી. | રાજમહેલ કમ્પાઉન્ડ, જિલ્લા ન્યાયાલયની બાજુમાં, અમરેલી. | 02792-222109 |
| 17 | કચ્છ-ભુજ | જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, કચ્છ | રૂમનં.235, પ્રથમ માળ, જિલ્લા પંચાયત ભવન, સૂરમંદિર સિનેમા સામે, ભુજ. | 02832-221103<br>02832-250156 |
| 18 | ભરૂચ | જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, ભરૂચ. | શિક્ષણ શાખા, સ્ટેશન રોડ, જિ.પં.ભરૂચ. | 02642-244210<br>9429186948 |
| 19 | નર્મદા | જિલ્લા પંચાયત કચેરી, શિક્ષણ શાખા, નર્મદા(રાજપીપલા) | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી, જિ.પં., શિક્ષણ શાખા, નર્મદા(રાજપીપલા). | 02640-222920<br>02640-221519 |
| 20 | વલસાડ | જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ | જિલ્લા પંચાયત, વલસાડ. | 02632-253210 |
| 21 | નવસારી | બી.આર.સી.ભવન, ઈંટાળવા, તા.જિ.નવસારી | ઈંટાળવા પ્રા.શાળા કમ્પાઉન્ડ, મુ.પો.ઈંટાળવા, ગણદેવી રોડ, તા.જિ.નવસારી | 9879689343 |
| 22 | બનાસકાંઠા | જિલ્લા પ્રોજેક્ટ કૉ.ઓર્ડિનેટરશ્રીની કચેરી,પાલનપુર | સર્વ શિક્ષા અભિયાન મિશનની કચેરી, ગઠામણ દરવાજા, પાલનપુર. | 02742-259668 |
| 23 | સુરેન્દ્રનગર | જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત કચેરી | જિલ્લા પંચાયત કચેરી, સુરેન્દ્રનગર. | 02750-283099 |
| 24 | ગાંધીનગર | બી.આર.સી.ભવન, સરકારી પ્રાથમિક શાળા | સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-12, સિવિલ હોસ્પિટલ પાછળ, ગાંધીનગર | 079-23235753 |
| 25 | ડાંગ | સર્વ શિક્ષા અભિયાન મિશનની કચેરી, | પ્રથમ માળ, જિલ્લા પંચાયત ભવન, આહવા, જિ.ડાંગ. | 02631-220580<br>02631-220579 |
| 26 | તાપી | બી.આર.સી.ભવન, વ્યારા, જિ.તાપી. | તા. વ્યારા, જિ.તાપી. | 02626-224728 |

www.MARUGUJARAT.in






www.MARUGUJARAT.in



www.MARUGUJARAT.in



# Education Department

Government Of Gujarat

## મુખ્ય શિક્ષક ભરતી ૨૦૧૨

સત્યમેવ જયતે

હોમ | મુખ્ય શિક્ષક ભરતી | જીલ્લાવાર ભરવાપાત્ર બેઠકો | સંપર્ક | સ્વીકાર કેન્દ્રોના લોગીન માટે

## મુખ્ય શિક્ષક (સીધી) ભરતી - ૨૦૧૨-૧૩ માટેનું અરજીપત્રક

અરજદાર નું નામ

Do you want to Edit Name information ? ○ Yes ⦿ no

| અટક | અરજદારનું નામ | પિતા / પતિનું નામ |
|---|---|---|
| SANKESARA | RAHUL KUMAR | BABUBHAI |

Do you want to Edit Birth Date information ? ○ Yes ⦿ no

જન્મ તારીખ: 9 / 1 / 1983

જાતિ: ⦿ પુરૂષ ○ સ્ત્રી

Do you want to Edit Category information ? ○ Yes ⦿ no

કેટેગરી: બિન અનામત

મોબાઈલ નંબર: 7456754654

સરનામું: AT-POST MATHAK TA ANJAR

રાજ્ય: Gujarat

જીલ્લો: Ahmedabad

પીનકોડ: 370205

Creamy Layer Certificate No.

Creamy Layer Certificate Date

PH: ○ Yes ⦿ no

કમ્પ્યુટર જાણો છો? ☑

ગુજરાતી જાણો છો? ☑

હિન્દી જાણો છો? ☑

તમે માજીસૈનિક છો? ○ Yes ⦿ No

તમે વિધવા ઉમેદવાર છો? ☐

તમે સરકારી કર્મચારી છો?
○ Yes (જીલ્લા શિક્ષણ સમિતિ,નગર શિક્ષણ સમિતિ,સરકારી PTC કોલેજ , અધ્યાપન મંદિર , DIET, સરકારી મા.ઉ. મા.શાળા, સરકારી પ્રા. શાળા)
⦿ NO (નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા , ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા , નોન ગ્રાન્ટેડ મા.ઉ. મા.શાળા , ગ્રાન્ટેડ મા.ઉ. મા.શાળા , નોન ગ્રાન્ટેડ PTC કોલેજ, નોન ગ્રાન્ટેડ PTC કોલેજ)

**Continue** ← માહિતી ભરી/સુધારી Continue પર ક્લિક કરો

Helpline : 079-65108801 / 079-23256592 (આ હેલ્પલાઈન સવારે ૧૧:૦૦ કલાક થી સાંજના ૧૮:૦૦ કલાક સુધી)

Site best viewed in Internet Explorer 7 and above.

Site Maintained by :
iNDEXTb

www.MARUGUJARAT.in

**Education Department**

Government Of Gujarat

## મુખ્ય શિક્ષક ભરતી ૨૦૧૨

સત્યમેવ જયતે

હોમ | મુખ્ય શિક્ષક ભરતી | જીલ્લાવાર ભરવાપાત્ર બેઠકો | સંપર્ક | સ્વીકાર કેન્દ્રોના લોગીન માટે

## મુખ્ય શિક્ષક (સીધી) ભરતી - ૨૦૧૨-૧૩ માટેનું અરજીપત્રક

### લાયકાત

તમને લાગુ પડતી લાયકાત ની માહિતી ભરી દો.

જો આપે ગ્રેડ પદ્ધતિ થી પરીક્ષા પાસ કરેલ હોયતો મેળવેલ ગુણ માં 0 અને કુલ ગુણ માં 0 આપી ટકા લખી દેવા

જો ઉમેદવાર એક કરતા વધારે અનુસ્નાતક ડીગ્રી ધરાવતા હોય તો તેઓ કોઈ પણ એકઅનુસ્નાતક ડીગ્રી દર્શાવી શકે છે.

| લાયકાત | યુની/બોર્ડ.નું નામ | રાજ્ય | પાસ થયાનું વર્ષ | મેળવેલા ગુણ | કુલ ગુણ | મેળવેલ ટકા | પ્રયત્ન |
|---|---|---|---|---|---|---|---|
| Graduation | Gujarat University | Gujarat | 1<br>1<br>1980 | 700 | 800 | 87.5 | 1 |
| PTC | Rajya Pariksha Boa | Gujarat | 1<br>1<br>1985 | 800 | 900 | 88.89 | 1 |
| --Select-- | --Select-- | --Select-- | Day<br>Month<br>Year | | | 0 | 1 |
| --Select-- | --Select-- | --Select-- | Day<br>Month<br>Year | | | 0 | 1 |

### અનુભવ

| શાળા/ સંસ્થાનું નામ | Post | Type of School | શૈક્ષણિક અનુભવ | School Management | Salary By | Save/ Edit | Delete |
|---|---|---|---|---|---|---|---|
| xyz | Teacher | Government | 01/01/1986 To 01/01/2010 | --નગર શિક્ષણ સમિતિ | xyz<br>abc123<br>at abc<br>525234234 | | |
| | -Select- | -Select- | From:<br>Day<br>Month<br>Year<br>To:<br>Day<br>Month<br>Year<br>To Date Cannot be greater than 31 March,2012 | Government | Bank Name<br>Branch Name<br>Bank Address<br>Account No | | |

દરેક અનુભવની વિગત એન્ટર કરી Save પર ક્લિક કરો.

Continue

અન્તે Continue પર ક્લિક કરવાથી તમારું ફોર્મ Save થઇ જશે.

**Helpline : 079-65108801 / 079-23256592** (આ હેલ્પલાઈન સવારે ૧૧:૦૦ કલાક થી સાંજના ૧૮:૦૦ કલાક સુધી)

Site best viewed in Internet Explorer 7 and above.

Site Maintained by :
iNDEXTb

www.MARUGUJARAT.in



# Education Department

Government Of Gujarat

## મુખ્ય શિક્ષક ભરતી ૨૦૧૨

સત્યમેવ જયતે

હોમ | મુખ્ય શિક્ષક ભરતી | જીલ્લાવાર ભરવાપાત્ર બેઠકો | સંપર્ક | સ્વીકાર કેન્દ્રોના લોગીન માટે

ફોર્મની પ્રિન્ટ લઈ જરૂરી આધારો સાથે સ્વીકાર કેન્દ્ર પર જમા કરવો.

## મુખ્ય શિક્ષક (સીધી) ભરતી - ૨૦૧૨-૧૩ માટેનું અરજીપત્રક

Form No. **000051**

TAT No. **1000007**



| | |
|---|---|
| **અરજદાર નું નામ** | SANKESARA RAHUL KUMAR BABUBHAI |
| જન્મ તારીખ | 09/01/1983 |
| જાતિ | પુરુષ |
| કેટેગરી | બિન અનામત |
| હેન્ડીકેપ | No |
| કમ્પ્યુટર જાણો છો? | Yes |
| ગુજરાતી જાણો છો? | Yes |
| હિન્દી જાણો છો? | Yes |
| તમે માજીસૈનિક છો? | No |
| તમે વિધવા ઉમેદવાર છો? | No |
| તમે સરકારી કર્મચારી છો? | No |

**મોબાઈલ નંબર** 7456754654

**સરનામાં ની વિગત**